અગ્રતા ક્રમ -: **૧૨**

વિભાગ :- ઉદ્યોગ અને ખાણ વિભાગ (જી.આઈ.ડી.સી.)

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૪૩૬

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

ગૃહમાં જવાબ આપવાની તારીખ : ૨૬.૦૨.૨૦૨૪

પ્રશ્નનું શિર્ષક : જુનાગઢ અને પોરબંદર જીલ્લામાં આવેલ જી.આઈ.ડી.સી બાબત

પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ: શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી

અને તેમનો મત વિસ્તાર: માણાવદર

# અનુક્રમણિકા


| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| | વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન | |
| | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ | |
| પેટા પ્રશ્ન–૧ | જુનાગઢ અને પોરબંદર જીલ્લામાં તાલુકાવાર કેટલી અને કઇ-કઇ વસાહતોની સ્થાપના કરવામાં આવેલ છે ? | શ્રી સંજયભાઇ કોરડીયા (જૂનાગઢ) |
| પેટા પ્રશ્ન–૨ | જૂનાગઢ અને પોરબંદર જીલ્લામાં કેટલી અને કઇ કઇ પૂર્ણ વિકસિત વસાહતો આવેલ છે ? | શ્રી સંજયભાઇ કોરડીયા (જૂનાગઢ) |
| પેટા પ્રશ્ન–૩ | નિગમ દ્વારા ઉદ્યોગકારોને ઉદ્યોગ સ્થાપવા માટે  છેલ્લા ત્રણ વર્ષમાં પોલિસી સરળીકરણ માટે  શું પગલાં લેવામાં આવ્યા છે? | શ્રી ભગવાનભાઇ કરગટીયા (માંગરોળ) |
| પેટા પ્રશ્ન–૪ | જીઆઇડીસી દ્વારા ફાળવણી થયેલ પ્લોટ અને શેડમાં ઉદ્યોગકાર ઉદ્યોગ શરૂ ન કરે તો શું કાર્યવાહી કરવામાં આવે છે ? | શ્રી ભગવાનભાઇ કરગટીયા (માંગરોળ) |
| પેટા પ્રશ્ન–૫ | જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાની ઔદ્યોગિક વસાહતમાં કયા-કયા પ્રકારની આંતરમાળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે ? | |
| પેટા પ્રશ્ન–૬ | પોરબંદર અને જુનાગઢ જીલ્લાના જે તાલુકામાં વસાહત નથી જે તાલુકામાં નવી વસાહત સ્થાપવા શા પ્રયત્નો કરવામાં આવેલ છે? | |
| પેટા પ્રશ્ન–૭ | હાલમાં પોરબંદર અને જુનાગઢ  જિલ્લામાં નવી ઔદ્યોગિક વસાહત સ્થાપવા સારૂ કોઈ સરકારી જમીન તબદીલીથી મેળવવા થયેલ દરખાસ્તની વિગતો જણાવવા વિનંતી. | |

# વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન

તારાંકિત પ્રશ્ન　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　ક્રમાંકઃ પ્ર/

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ 15/4/2436

વિષયઃ

જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં આવેલ જી.આઈ.ડી.સી.

| સૂચના મળ્યાની તારીખઃ | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 30/01/2024 | તારીખ 20/02/2024 | 08/02/2024 |

*15/4/2436　　શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી (માણાવદર)

ઉદ્યોગ જણાવવા કૃપા કરશે કેઃ-

માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જૂનાગઢ અને પોરબંદર શહેર/જિલ્લામાં આવેલ જી.આઈ.ડી.સી.વાર કુલ કેટલા પ્લોટ અને શેડ આવેલા છે,

(૨) તે પૈકી જી.આઈ.ડી.સી.વાર કેટલા પ્લોટ અને શેડનું એલોટમેનૂટ થયેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ એલોટમેનૂટ થયેલ પ્લોટ અને શેડ પૈકી કેટલા ઉદ્યોગો જી.આઈ.ડી.સી.વાર કાર્યરત છે અને જી.આઈ.ડી.સી.વાર કેટલા પ્લોટ અને શેડ ખાલી છે, અને

(૪) ઉક્ત એલોટમેનૂટ થયેલ પ્લોટ અને શેડમાં ઉદ્યોગકારોએ ઉદ્યોગ શરૂ ન કર્યા હોય તો જી.આઈ.ડી.સી.વાર કોની સામે શા પગલાં લેવામાં આવ્યા?

----

મુખ્ય પેજ પર જાઓ

## વિભાગે કરેલ જવાબ

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં આવેલ જી.સી.ડી.આઇ.**

* **૧૫/૪/૨૪૩૬ શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી**(માણાવદર) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે –

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ જૂનાગઢ અને પોરબંદર શહેર / જિલ્લામાં આવેલ જી.આઇ.ડી.સી. વાર કૂલ કેટલા પ્લોટ અને શેડ આવેલા છે, | (૧) |

| જિલ્લો | ઔદ્યોગિક વસાહત | પ્લોટની સંખ્યા | શેડની સંખ્યા |
|---|---|---|---|
| જુનાગઢ | જુનાગઢ–૧ | ૮૭ | ૪૬ |
| | જુનાગઢ–૨ | ૪૮૭ | ૩૫ |
| | વિસાવદર | ૦૮ | ૦૫ |
| | શીલ | ૫૫ | ૦૦ |
| | **કુલ** | **૬૩૭** | **૮૬** |
| પોરબંદર | પોરબંદર | ૫૪૦ | ૫૮ |
| | મીયાણી | ૧૬૩ | ૦૦ |
| | રાણાવાવ વનાણા | ૧૫૯ | ૦૦ |
| | **કુલ** | **૮૬૨** | **૫૮** |
| **બંને જિલ્લાના મળીને કુલ** | | **૧૪૯૯** | **૧૪૪** |

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૨) | તે પૈકી જી.આઇ.ડી.સી. વાર કેટલા પ્લોટ અને શેડનું એલોટમેન્ટ થયેલ છે, | (૨) |

| જિલ્લો | ઔદ્યોગિક વસાહત | એલોટેડપ્લોટની સંખ્યા | એલોટેડ શેડની સંખ્યા |
|---|---|---|---|
| જુનાગઢ | જુનાગઢ–૧ | ૮૫ | ૪૬ |
| | જુનાગઢ–૨ | ૪૫૯ | ૩૫ |
| | વિસાવદર | ૦૮ | ૦૫ |
| | શીલ | ૪૮ | ૦૦ |
| **કુલ** | | **૬૦૦** | **૮૬** |
| પોરબંદર | પોરબંદર | ૫૨૫ | ૫૮ |
| | મીયાણી | ૦૦ | ૦૦ |
| | રાણાવાવ વનાણા | ૧૫૮ | ૦૦ |
| **કુલ** | | **૬૮૩** | **૫૮** |
| **બંને જિલ્લાના મળીને કુલ** | | **૧૨૮૩** | **૧૪૪** |

—

(૩) ઉક્ત સ્થિતિએ એલોટમેન્ટ થયેલ પ્લોટ અને શેડ પૈકી કેટલા ઉદ્યોગો જી.આઇ.ડી.સી. વાર કાર્યરત છે અને જી.આઇ.ડી.સી. વાર કેટલા પ્લોટ અને શેડ ખાલી છે,

(૩)

| જિલ્લો | ઔદ્યોગિક વસાહત | કાર્યરત પ્લોટ | કાર્યરત શેડ | ખાલી પ્લોટ | ખાલી શેડ |
|---|---|---|---|---|---|
| જુનાગઢ | જુનાગઢ–૧ | ૮૪ | ૪૬ | ૦૧ | ૦૦ |
| | જુનાગઢ–૨ | ૪૫૭ | ૩૫ | ૦૨ | ૦૦ |
| | વિસાવદર | ૦૮ | ૦૫ | ૦૦ | ૦૦ |
| | શીલ | ૨૯ | ૦૦ | ૧૯ | ૦૦ |
| **કુલ** | | **૫૭૮** | **૮૬** | **૨૨** | **૦૦** |
| પોરબંદર | પોરબંદર | ૫૧૮ | ૫૮ | ૦૭ | ૦૦ |
| | મીયાણી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | રાણાવાવ વનાણા | ૧૫૨ | ૦૦ | ૦૬ | ૦૦ |
| **કુલ** | | **૬૭૦** | **૫૮** | **૧૩** | **00** |
| **બંને જિલ્લાના મળીને કુલ** | | **૧૨૭૮** | **૧૪૪** | **૩૫** | **૦૦** |

(૪) ઉક્ત એલોટમેન્ટ થયેલ પ્લોટ અને શેડમાં ઉદ્યોગકારોએ ઉદ્યોગ શરૂ ન કર્યા હોય તો જી.આઇ.ડી.સી. વાર કોની સામે શા પગલાં લેવામાં આવ્યા?

(૫)

| જિલ્લો | ઔદ્યોગિક વસાહત | જીપીપી એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેવા પ્લોટ અને શેડની સંખ્યા |
|---|---|---|
| જુનાગઢ | જુનાગઢ–૧ | ૦૦ |
| | જુનાગઢ–૨ | ૦૧ |
| | વિસાવદર | ૦૦ |
| | શીલ | ૧૨ |
| **કુલ** | | **૧૩** |
| પોરબંદર | પોરબંદર | ૦૬ |
| | મીયાણી | ૦૦ |
| | રાણાવાવ વનાણા | ૦૪ |
| **કુલ** | | **૧૦** |
| **બંને જિલ્લાના મળીને કુલ** | | **૨૩** |

**મુખ્ય પેજ પર જાઓ**

હાર્દ

- રાજ્યના વિવિધ વિસ્તારોમાં ઔદ્યોગિક પ્રવૃત્તિને પ્રોત્સાહન મળી રહે તેમજ ઔદ્યોગિકરણને વેગ મળી રહે તે માટે નિગમ દ્વારા વિવિધ વિસ્તારમાં વસાહતોની સ્થાપના કરવામાં આવેલ છે.
- નિગમ દ્વારા વસાહતોમાં ઔદ્યોગિક પ્રવૃત્તિને અનુરૂપ માળખાકિય સુવિધાઓ પુરી પાડી પ્લોટની ફાળવણી કરવામાં આવે છે.
- જુનાગઢ જીલ્લામાં કુલ ૬૩૭ ઔદ્યોગિક પ્લોટ અને કુલ ૮૬ ઔદ્યોગિક શેડ આવેલ છે.
- પોરબંદર જીલ્લામાં ૮૬૨ ઔદ્યોગિક પ્લોટ**,** ૫૮ ઔદ્યોગિક શેડ અને ૪૫૧ રહેણાંક પ્લોટ મળીને કુલ ૧૦૪૯ પ્લોટ આવેલ છે.
- જુનાગઢ જીલ્લામાં કુલ ૬૦૦ ઔદ્યોગિક પ્લોટ અને કુલ ૮૬ ઔદ્યોગિક શેડની ફાળવણી થયેલ છે.
- પોરબંદર જીલ્લામાં કુલ ૬૮૩ ઔદ્યોગિક પ્લોટ અને કુલ ૫૮ ઔદ્યોગિક શેડની ફાળવણી થયેલ છે
- રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ–૧૯૬૨ હેઠળ નિગમની સ્થાપના કરવામાં આવેલ છે. નવા ઉદ્યોગો આવે અને હયાત ઉદ્યોગોનો વિકાસ થાય તે માટે નિગમ દ્વારા રાજ્યના જુદા જુદા સ્થળોએ નાની–મોટી કુલ ૨૩૯ વસાહતોની સ્થાપના કરેલ છે.
- જે પૈકી જુનાગઢ–૧, જુનાગઢ–૨ અને પોરબંદર ઔદ્યોગીક વસાહતમાં નિગમ દ્વારા પાયાની જરૂરીયાતો જેવી કે રોડ અને સ્ટ્રીટ લાઈટ વગેરે જેવી આંતરમાળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવેલ છે.
- જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં કાર્યરત પ્લોટ અને શેડ અને ખાલી પ્લોટ શેડની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | વસાહતનું નામ | કાર્યરત પ્લૉટ | કાર્યરત શેડ | ખાલી પ્લૉટ | ખાલી શેડ |
|---|---|---|---|---|---|---|
| ૧ | જુનાગઢ | જુનાગઢ– ૧ | ૮૪ | ૪૬ | ૧ | ૦ |
| | | જુનાગઢ– ૨ | ૪૫૭ | ૩૫ | ૨ | ૦ |
| | | વિસાવદર | ૮ | ૫ | ૦ | ૦ |
| | | શીલ | ૨૯ | ૦ | ૧૯ | ૦ |
| | | **કુલ** | **૫૭૮** | **૮૬** | **૨૨** | **૦** |
| ૨ | પોરબંદર | પોરબંદર | ૫૧૮ | ૫૮ | ૭ | ૦ |
| | | મિયાણી | ૦ | ૦ | ૦ | ૦ |
| | | વનાણા | ૧૫૨ | ૦ | ૬ | ૦ |
| | | **કુલ** | **૬૭૦** | **૫૮** | **૧૩** | **૦** |
| **બંને જિલ્લાના મળીને કુલ** | | | **૧૨૪૮** | **૧૪૪** | **૩૫** | **૦** |

- જીઆઇડીસી દ્વારા રાજ્યની જુદી–જુદી ઔદ્યોગિક વસાહતોમાં ઉદ્યોગકારોને પોતાનો ઉદ્યોગ સ્થાપવા માટે પ્લોટ/શેડની ફાળવણી કરવામાં આવે છે. જીઆઇડીસીનો મુખ્ય હેતુ રાજ્યમાં ઔદ્યોગિક વિકાસને વેગ આપવાનો છે, તથા જમીન એ મર્યાદિત સંસાધન હોઈ, ફાળવેલ જમીન પર ઉદ્યોગો સ્થપાય અને રોજગારીનું નિર્માણ થાય એ જરૂરી છે. જેથી નિગમ દ્વારા ફાળવણી કરવામાં આવેલ મિલકતનો નિયત સમયમર્યાદામાં ઉદ્યોગ શરૂ થાય તે જરુરી છે.

**જી.પી.પી. એક્ટ–૧૯૭૨ અંતર્ગત પ્લોટ પરત મેળવવા માટે કરવામાં આવતી કાર્યવાહીની વિગતો:**

- જે ઉદ્યોગકાર દ્વારા મિલકતનો નિયત સમયમર્યાદામાં વપરાશ કરવામાં આવતો નથી તેમની સામે જીઆઇડીસી દ્વારા જી.પી.પી. એક્ટ–૧૯૭૨ અંતર્ગત મિલકત પરત મેળવવાની કાર્યવાહી કરવામાં આવે છે.
- જી.પી.પી. એક્ટ–૧૯૭૨ અનુસાર સૌપ્રથમ પ્લોટનો વપરાશ કરવામાં આવેલ ન હોય તેવા કિસ્સામાં કારણદર્શક નોટિસ જારી કરવામાં આવે છે, ત્યારબાદ ફાળવણીદાર સાથે કાર્યાન્વિત કરવામાં આવેલ કરારખત રદ કરતો હુકમ કરવામાં આવે છે, અને ત્યારબાદ અનુક્રમે જી.પી.પી. એક્ટ–૧૯૭૨ ની કલમ ૪(૧) હેઠળ નોટિસ, ૫(૧) હેઠળનો હુકમ અને ૫(૨) હેઠળનો હુકમ જારી કરી, નિગમ દ્વારા પ્લોટનો કબ્જો પરત મેળવવામાં આવે છે.
- જુનાગઢ અને પોરબંદર જીલ્લામાં મળીને કુલ ૩૫ જેટલા પ્લોટ ખાલી છે, જે પૈકી ૧૨ પ્લોટ વપરાશની સમય મર્યાદા હેઠળ છે, જ્યારે ૨૩ જેટલા પ્લોટ નાણાંકીય ભીડ અને ભાગીદારી પેઢીમાં/કોટુંબિક પ્રશ્નો જેવા કારણોસર ફાળવણીદારો સમયમર્યાદામાં વપરાશ કરી શકેલ નહીં.
- જે પ્લોટધારકો દ્વારા સમયમર્યાદામાં પ્લોટનો વપરાશ કરવામાં આવેલ નહીં તેવા ફાળવણીદારો/પ્લોટધારકો સામે નિગમ દ્વારા ગુજરાત પબ્લિક પ્રિમાઈસિસ એવિકશન (જીપીપી) કાયદો –૧૯૭૨ અંતર્ગત પ્લોટ ખાલસા કરી પરત લેવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં જીપીપી કાયદો–૧૯૭૨ અંતર્ગત કરેલ કાર્યવાહીની વિગત:**

| ક્રમ નંબર | જીલ્લાનું નામ | વસાહતનું નામ | કારણદર્શક નોટિસ | કરારખત રદની નોટિસ | ૪ (૧) નોટિસ | ૫ (૧) નોટિસ | ૫ (૨) નોટિસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જુનાગઢ | જુનાગઢ–૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | જુનાગઢ | જુનાગઢ–૨ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૩ | જુનાગઢ | વિસાવદર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | જુનાગઢ | શીલ | ૦ | ૧ | ૮ | ૧ | ૨ |
| **કુલ** | | | **૦** | **૨** | **૮** | **૧** | **૨** |
| ૫ | પોરબંદર | પોરબંદર | ૨ | ૧ | ૨ | ૦ | ૧ |
| ૬ | પોરબંદર | મિયાણી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | પોરબંદર | વનાણા | ૦ | ૩ | ૦ | ૦ | ૧ |
| **કુલ** | | | **૨** | **૪** | **૨** | **૦** | **૨** |
| **બંને જિલ્લાના મળીને કુલ** | | | **૨** | **૬** | **૧૦** | **૧** | **૪** |

- જે મુજબ જુનાગઢ જિલ્લામાં ૧૩ જેટલા પ્લોટધારકોને ગુજરાત પબ્લિક પ્રિમાઈસિસ એવિકશન (જીપીપી) કાયદો -૧૯૭૨ અંતર્ગત નોટિસ આપવામાં આવેલ જે પૈકી ૨ પ્લોટ ખાલસા કરી નિગમ દ્વારા પરત મેળવેલ તેમજ પોરબંદર જીલ્લામાં ૧૦ જેટલા પ્લોટધારકોને નોટિસ આપવામાં આવેલ જે પૈકી ૨ પ્લોટ ખાલસા કરી નિગમ દ્વારા પરત મેળવેલ છે.
- તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં આવેલ ઔદ્યોગિક વસાહતોમાં વપરાશ કરવામાં આવેલ નહીં તેવા પ્લોટ અને શેડ ધારકો સામે લીધેલ પગલાની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ નંબર** | **જીલ્લાનું નામ** | **વસાહતનું નામ** | **ઉદ્યોગ શરૂ ના કર્યા હોય તેવા ખાલી પડેલ પ્લોટ અને શેડની સંખ્યા** | **મોરોટોરિયમ પ્લોટ વપરાશની સમયમર્યાદા હેઠળ હોય જીપીપી હેઠળ કાર્યવાહી કરવામાં ન આવેલ હોય તેવા પ્લોટ અને શેડની સંખ્યા** | **જીપીપી એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેવા પ્લોટ અને શેડની સંખ્યા** |
|---|---|---|---|---|---|
| ૧ | જુનાગઢ | જુનાગઢ-૧ | ૧ | ૧ | ૦ |
| ૨ | જુનાગઢ | જુનાગઢ-૨ | ૨ | ૧ | ૧ |
| ૩ | જુનાગઢ | વિસાવદર | ૦ | ૦ | ૦ |
| ૪ | જુનાગઢ | શીલ | ૧૯ | ૭ | ૧૨ |
| **કુલ** | | | **૨૨** | **૯** | **૧૩** |
| ૫ | પોરબંદર | પોરબંદર | ૭ | ૧ | ૬ |
| ૬ | પોરબંદર | મિયાણી | ૦ | ૦ | ૦ |
| ૭ | પોરબંદર | વનાણા | ૬ | ૨ | ૪ |
| **કુલ** | | | **૧૩** | **૩** | **૧૦** |
| **બંને જિલ્લાના મળીને કુલ** | | | **૩૫** | **૧૨** | **૨૩** |

## **સ્વૈચ્છિક પરત સોંપણીની હાલની નીતિ :-**

- જે પ્લોટધારક સંજોગોવસાત પ્લોટનો નિયત સમયમર્યાદામાં વપરાશ કરી શકતા નથી તેવા ફાળવણીદારો પોતાનો પ્લોટ અન્યને તબદીલ/વેચાણ કરી શકે છે અથવા નિગમને સ્વેચ્છાએ પરત સોંપી શકે છે.
- પ્લોટની સ્વેચ્છિક પરત સોંપણીના કિસ્સામાં અગાઉની નીતિ મુજબ ફાળવણીદારને મહતમ પ્લોટની મુળ કિમંત પેટે ભરપાઇ કરવામાં આવેલ રકમ પરત કરવામાં આવતી હતી.
- પ્લોટની સ્વેચ્છિક પરત સોંપણીના કિસ્સામાં પ્લોટધારકને નિગમની પ્લોટની હાલની ફાળવણી કિમંતની સાપેક્ષમાાં ખુબજ ઓછી રકમ પરત મળતી હોવાથી પ્લોટધારકો નિગમને પ્લોટની સ્વેચ્છિક પરત સોંપણી માટે પ્રોત્સાહિત થતા નથી. જેથી ઉદ્યોગની સ્થાપના થતી નથી અને તેને ફાળવવામાં આવેલ પ્લોટ વણવપરાયેલ રહે છે.
- આમ આવા પ્રકારના વણવપરાયેલ પ્લોટનો ઉદ્યોગની સ્થાપના કરવાના હેતુ માટે વપરાશ થાય, નવી રોજગારીનું સર્જન થાય અને આર્થિક વિકાસ થાય તેવા હેતુથી રાજય સરકારશ્રી દ્વારા પ્લોટની સ્વેચ્છિક પરત સોંપણી માટે ઉદારનીતિ અમલમાં લાવવામાં આવેલ છે. જે મુજબ પ્લોટધારક દ્વારા પ્લોટની ફાળવણી સમયે ભરપાઈ કરેલ ફાળવણી કિમત અને નિગમની હાલની ફાળવણી કિમતના તફાવતના ૭૫% રકમ સુધીની મહત્તમ મર્યાદામાં રકમ પરત કરવાનો ઉદ્યોગકારોના હિતમાં હકારાત્મક નિર્ણય કરવામાાં આવેલ છે.

## **પોલિસીનું સરળીકરણ :-**

- પ્લોટની ફાળવણીથી લઈને લીઝ-ડીડ, મોર્ગેજ પરમીશન, તબદીલી, પેટા-વિભાજન, એકત્રીકરણ વગેરે જેવી સેવાઓ માટે જીઆઈડીસી દ્વારા વખતોવખત જારી કરવામાં આવેલ પરીપત્રોનું સંકલન અને સરળીકરણ કરી પુસ્તક સ્વરૂપે જારી કરવામાં આવેલ છે.

## **પ્લોટની વપરાશની સમયમર્યાદા વધારવા બાબત :-**

- જે પ્લોટધારકોએ ફાળવેલ જમીન પર બાંધકામ શરૂ કરેલ હોય અને ઉત્પાદન શરૂ થવાનું બાકી હોય અને પ્લોટ ની વપરાશ ની સમય મર્યાદા પૂર્ણ થયેલ હોય તેવા પ્લોટ ધારકો ને પ્લોટ નો વપરાશ શરૂ કરવા માટે પ્લોટ ના વપરાશ ની સમય મર્યાદા તારીખ ૩૧/૦૩/૨૦૨૪ સુધી વધારી આપવાની ઉદાર નીતિ જીઆઇડીસી દ્વારા જારી કરવામાં આવેલ છે.

## **ઇમ્પેક્ટ ફી અંગેની નીતિ :-**

- નિગમ દ્વારા તેમની તમામ વસાહતોમાં આવેલ તમામ મિલકતોમાં ઉદ્યોગકારો દ્વારા કરવામાં આવેલ બિનઅધિકૃત બાંધકામને નિયમિત કરવા અંગે સમયમર્યાદા તારીખ ૩૧/૦૭/૨૦૨૩ આપવામાં આવેલ છે. જેની નીતિ પરીપત્ર તા.૧૨/૦૧/૨૦૨૩ અને તા.૦૫/૦૬/૨૦૨૩ થી જારી કરવામાં આવેલ છે.

**મુખ્ય પેજ પર જાઓ**

# અગ્રતા ક્રમ : ૧૨

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૨૪૩૬

## પેટા પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ: શ્રી સંજયભાઇ કોરડીયા (જૂનાગઢ)

| **પેટા પ્રશ્ન ૧** | જુનાગઢ અને પોરબંદર જીલ્લામાં તાલુકાવાર કેટલી અને કઇ-કઇ વસાહતોની સ્થાપના કરવામાં આવેલ છે ? |
|---|---|

જવાબ

| **ક્રમ** | **જિલ્લો** | **તાલુકો** | **વસાહતનું નામ** | **કુલ વસાહત** |
|---|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | જૂનાગઢ | જુનાગઢ–૧ | ૧ |
| | | | જુનાગઢ –૨ | ૧ |
| ૨ | | માંગરોળ | શીલ | ૧ |
| ૩ | | વિસાવદર | વિસાવદર | ૧ |
| ૪ | પોરબંદર | પોરબંદર | પોરબંદર અને મીચાણી | ૨ |
| ૫ | | રાણાવાવ | વનાણા | ૧ |
| | કુલ.... | | | ૭ |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૧૨

### વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૨૪૩૬

### પેટા પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ: શ્રી સંજયભાઇ કોરડીયા (જૂનાગઢ)

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૨** | જૂનાગઢ અને પોરબંદર જીલ્લામાં કેટલી અને કઇ કઇ પૂર્ણ વિકસિત વસાહતો આવેલ છે ? |
| **જવાબ** | |

| **ક્રમ** | **જિલ્લો** | **વસાહતનું નામ** |
|---|---|---|
| ૧ | જૂનાગઢ | જૂનાગઢ-૧ |
| ૨ | | જૂનાગઢ-૨ |
| ૩ | | શિલ |
| ૪ | | વિસાવદર |
| ૫ | પોરબંદર | પોરબંદર |
| ૬ | | વનાણા |
| | **કુલ.....** | **૬ વસાહત** |

**નોંધ:**-પોરબંદર જીલ્લામાં આવેલ મિયાણી ઔ.વસાહત અપૂર્ણ વસાહત છે.

- નિગમ દ્વારા હાલમાં મિયાણી ઔદ્યોગિક વસાહત ખાતે જમીન ફાળવણી અંગે ઓનલાઈન અરજીઓ માટે પોર્ટલ ઓપન છે.
- જેમાં અરજદાર કોઈપણ સમયે ઔદ્યોગિક પ્લોટ મેળવવા માટે અરજી કરી શકે છે.

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ : ૧૨

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૨૪૩૬

## પેટા પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રી ભગવાનભાઈ કરગટીયા (માંગરોળ)

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૩** | નિગમ દ્વારા ઉદ્યોગકારોને ઉદ્યોગ સ્થાપવા માટે છેલ્લા ત્રણ વર્ષમાં પોલિસી સરળીકરણ માટે શું પગલાં લેવામાં આવ્યા છે? |
| **જવાબ** | **પોલિસીનું સરળીકરણ :-**<br>• પ્લોટની ફાળવણીથી લઈને લીઝ-ડીડ, મોર્ગેજ પરમીશન, તબદીલી, પેટા-વિભાજન, એકત્રીકરણ વગેરે જેવી સેવાઓ માટે જીઆઈડીસી દ્વારા વખતોવખત જારી કરવામાં આવેલ પરીપત્રોનું સંકલન અને સરળીકરણ કરી પુસ્તક સ્વરૂપે જારી કરવામાં આવેલ છે.<br>**પ્લોટની વપરાશની સમયમર્યાદા વધારવા બાબત :-**<br>• જે પ્લોટધારકોએ ફાળવેલ જમીન પર બાંધકામ શરૂ કરેલ હોય અને ઉત્પાદન શરૂ થવાનું બાકી હોય અને પ્લોટ ની વપરાશ ની સમય મર્યાદા પૂર્ણ થયેલ હોય તેવા પ્લોટ ધારકો ને પ્લોટ નો વપરાશ શરૂ કરવા માટે પ્લોટ ના વપરાશ ની સમય મર્યાદા તારીખ ૩૧/૦૩/૨૦૨૪ સુધી વધારી આપવાની ઉદાર નીતિ જીઆઇડીસી દ્વારા જારી કરવામાં આવેલ છે. |

**નોંધ :-(૧) સ્વૈચ્છિક પરત સોંપણીની ઉદાર નીતિ**

- વણવપરાયેલ પ્લોટનો ઉદ્યોગની સ્થાપના કરવાના હેતુ માટે વપરાશ થાય, નવી રોજગારીનું સર્જન થાય અને આર્થિક વિકાસ થાય તેવા હેતુથી રાજય સરકારશ્રી દ્વારા પ્લોટની સ્વેચ્છિક પરત સોંપણી માટે ઉદારનીતિ અમલમાં લાવવામાં આવેલ છે. જે મુજબ પ્લોટધારક દ્વારા પ્લોટની ફાળવણી સમયે ભરપાઈ કરેલ ફાળવણી કિંમત અને નિગમની હાલની ફાળવણી કિંમતના તફાવતના ૭૫% રકમ સુધીની મહત્તમ મર્યાદામાં રકમ પરત કરવાનો ઉદ્યોગકારોના હિતમાં હકારાત્મક નિર્ણય કરવામાં આવેલ છે.

**(૨) અનઅધિકૃત બાંધકામને નિયમિત કરવા અંગે ઇમ્પેક્ટ ફી નો કાયદો**

- નિગમ દ્વારા તમામ વસાહતોમાં આવેલ તમામ મિલકતોમાં ઉદ્યોગકારો દ્વારા કરવામાં આવેલ બિન-અધિકૃત બાંધકામને નિયમિત કરવ અંગેની સમયમર્યાદા તા.૩૧.૦૭.૨૦૨૩ આપવામાં આવેલ છે.

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ : ૧૨

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૨૪૩૬

## પેટા પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ: શ્રી ભગવાનભાઇ કરગટીયા (માંગરોળ)

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૪** | જીઆઇડીસી દ્વારા ફાળવણી થયેલ પ્લોટ અને શેડમાં ઉદ્યોગકાર ઉદ્યોગ શરૂ ન કરે તો શું કાર્યવાહી કરવામાં આવે છે ? |
| **જવાબ** | • જીઆઈડીસી દ્વારા રાજ્યની જુદી–જુદી ઔદ્યોગિક વસાહતોમાં ઉદ્યોગકારોને પોતાનો ઉદ્યોગ સ્થાપવા માટે પ્લોટ/શેડની ફાળવણી કરવામાં આવે છે.<br>• જીઆઈડીસીનો મુખ્ય હેતુ રાજયમાં ઔદ્યોગિક વિકાસને વેગ આપવાનો છે, તથા જમીન એ મર્યાદિત સંસાધન હોઈ, ફાળવેલ જમીન પર ઉદ્યોગો સ્થપાય અને રોજગારીનું નિર્માણ થાય એ જરૂરી છે. જેથી નિગમ દ્વારા ફાળવણી કરવામાં આવેલ મિલકતનો નિયત સમયમર્યાદામાં ઉદ્યોગ શરૂ થાય તે જરુરી બની રહે છે.<br>• જે ઉદ્યોગકાર દ્વારા મિલકતનો નિયત સમયમર્યાદામાં વપરાશ કરવામાં આવતો નથી તેમની સામે જીઆઇડીસી દ્વારા જી.પી.પી. એક્ટ–૧૯૭૨ અંતર્ગત મિલકત પરત મેળવવાની કાર્યવાહી કરવામાં આવે છે.<br>• જી.પી.પી. એક્ટ–૧૯૭૨ અનુસાર સૌપ્રથમ પ્લોટનો વપરાશ કરવામાં આવેલ ન હોય તેવા કિસ્સામાં કારણદર્શક નોટિસ જારી કરવામાં આવે છે, ત્યારબાદ ફાળવણીદાર સાથે કાર્યાન્વિત કરવામાં આવેલ કરારખત રદ કરતો હુકમ કરવામાં આવે છે, અને ત્યારબાદ અનુક્રમે જી.પી.પી. એક્ટ–૧૯૭૨ ની કલમ ૪(૧) હેઠળ નોટિસ, ૫(૧) હેઠળનો હુકમ અને ૫(૨) હેઠળનો હુકમ જારી કરી, નિગમ દ્વારા પ્લોટનો કબ્જો પરત મેળવવામાં આવે છે.<br>• જુનાગઢ અને પોરબંદર જીલ્લામાં મળીને કુલ ૩૫ જેટલા પ્લોટ ખાલી છે, જે પૈકી ૧૨ પ્લોટ વપરાશની સમય મર્યાદા હેઠળ છે, જ્યારે ૨૩ જેટલા પ્લોટ નાણાંકીય ભીડ અને ભાગીદારી પેઢીમાં/કોટુંબિક પ્રશ્નો જેવા કારણોસર ફાળવણીદારો સમયમર્યાદામાં વપરાશ કરી શકેલ નહીં.<br>• જે પ્લોટધારકો દ્વારા સમયમર્યાદામાં પ્લોટનો વપરાશ કરવામાં આવેલ નહીં તેવા ફાળવણીદારો/પ્લોટધારકો સામે નિગમ દ્વારા ગુજરાત પબ્લિક પ્રિમાઈસિસ એવિકશન (જીપીપી) કાયદો –૧૯૭૨ અંતર્ગત પ્લોટ ખાલસા કરી પરત લેવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. |

[મુખ્ય પેજ પર જાઓ]

# અગ્રતા ક્રમ : ૧૨

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૨૪૩૬

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૫** | **જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાની ઔદ્યોગિક વસાહતમાં કયા-કયા પ્રકારની આંતરમાળખાકીય ઉપલબ્ધ કરાવવામાં આવે છે ?** |
| **જવાબ** | નિગમ દ્વારા જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં આવેલી ઔદ્યોગિક વસાહતમાં પાયાની સુવિધાઓ જેવી કે રોડ અને સ્ટ્રીટલાઈટ વિગેરે જેવી આંતરમાળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૧૨

### વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૨૪૩૬

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૬** | પોરબંદર અને જુનાગઢ જીલ્લાના જે તાલુકામાં વસાહત નથી જે તાલુકામાં નવી વસાહત સ્થાપવા શા પ્રયત્નો કરવામાં આવેલ છે? |
| **જવાબ** | ઔદ્યોગિક વસાહત સ્થાપવા યોગ્ય પરિબળો ધ્યાને લઈ ઉપલબ્ધ સરકારી જમીનની માહિતી માટે અત્રેના તા.૦૭.૦૩.૨૦૨૦, તા.૨૩.૦૩.૨૦૨૧, તા.૦૬.૦૫.૨૦૨૨, તા.૧.૦૭.૨૦૨૨ અને તા.૧૯.૦૭.૨૦૨૩ થી જિલ્લા કલેક્ટરશ્રીને પત્ર પાઠવવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૧૨

### વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૨૪૩૬

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૭** | **હાલમાં પોરબંદર અને જુનાગઢ જિલ્લામાં નવી ઔદ્યોગિક વસાહત સ્થાપવા સારૂ કોઈ સરકારી જમીન તબદીલીથી મેળવવા થયેલ દરખાસ્તની વિગતો જણાવવા વિનંતી.** |
| **જવાબ** | હાલમાં જીઆઈડીસી દ્વારા જુનાગઢ જીલ્લામાં માળીયા હાટીના તાલુકામાં આવેલ મોજે:ગડોદર મુકામે તેમજ કેશોદ તાલુકામાં આવેલ મોજે:કણેરી મુકામેની સરકારી જમીન તબદીલીથી મેળવવાની દરખાસ્ત કરવામાં આવેલ છે. અને પોરબંદર જિલ્લામાં નવી ઔદ્યોગિક વસાહત સ્થાપવા સારૂ સરકારી જમીન તબદીલીથી મેળવવા કોઈ દરખાસ્ત નથી. |

મુખ્ય પેજ પર જાઓ